# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-07-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મુખ્યમંત્રી મરામત કાર્યની સમીક્ષા -:

રાજ્યમાં ભારે વરસાદને પગલે નેશનલ હાઇવે, સ્ટેટ હાઇવે તેમજ ગામો, નગરો-મહાનગરોના રસ્તાઓને થયેલા નુકસાનનું મરામત કાર્ય યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સી.એમ. ડેશબોર્ડના વિડીયો કોલ મારફતે માર્ગ-પુલોના મરામત કામોની સઘન સમીક્ષા કરી હતી.

તેમણે રોડ રસ્તાની દુરસ્તી કામગીરી અંગે પ્રો-એક્ટિવ અભિગમ અપનાવીને તાત્કાલિક માર્ગો પર વાહનવ્યવહાર પૂર્વવત થાય અને નાગરિકોની રજૂઆતોનું ઝડપથી નિવારણ આવે તે માટે સંબંધત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

માર્ગ-મકાન વિભાગના કંટ્રોલરૂમ, ગુજમાર્ગ એપ્લિકેશન તથા જે મહાનગરપાલિકાઓની મોબાઇલ એપ છે તે એપ, વોટ્સએપ, વેબસાઈટ અને હેલ્પલાઇન નંબર અને કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર પર આવતી નાગરિકોની બધી જ રજૂઆતોનું ઝડપથી સંતોષકારક કામ હાથ ધરાય તે માટે સંબંધિત અધિકારીઓને મોનિટરિંગ કરવાની સુચના પણ મુખ્યમંત્રીએ આપી હતી.

માર્ગ-મકાન વિભાગે કાર્યરત કરેલી 'ગુજમાર્ગ' એપ્લિકેશન પર મળેલી 3,632 ફરિયાદોમાંથી 99.66 ટકાનું નિવારણ લાવી દેવાયું છે તેવી વિગતો આ બેઠકમાં અપાઈ હતી. રાજય સરકાર આ એપ્લિકેશનનો લોકો લાભ લઈ શકે તે માટે સતત પ્રચાર અને પ્રસાર કરી રહી છે.

આ ઉપરાંત, રાજ્ય સરકારે તમામ પુલોની ત્વરિત સમીક્ષા કરીને યોગ્ય મરામત માટે તત્કાલ કામગીરીના આદેશો આપ્યા છે તેનું પણ અવશ્ય પાલન થાય તેની ખાતરી કરવા મુખ્યમંત્રીએ જણાવ્યુ હતું.

---

## કચ્છમાં બ્રીજ અને પુલોનું ઈન્સ્પેકશન:

ગંભીરાબ્રિજની દુર્ઘટના બાદ કચ્છમાં પણ સ્થાનિક તંત્ર દ્વારા તકેદારીના પગલાં લેવાઈ રહ્યા છે.

તમામ બ્રીજ અને પુલના ઈન્સ્પેક્શનની રાજ્ય સરકારની સૂચના તેમજ નાગરિકોની સાવચેતીને ધ્યાને લઈને રાષ્ટ્રીય ધોરીમાર્ગના રાજ્યકક્ષાના તેમજ ગાંધીધામ વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને ઈજનેરો દ્વારા વિવિધ બ્રીજ અને પુલોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

નેશનલ હાઈવેની માર્ગદર્શિકા મુજબના માપદંડોને ધ્યાને રાખીને ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી હતી. અને જ્યાં જોખમ જણાય ત્યાં તાત્કાલિક મરામત, કોંક્રિટીંગ, બેરીકેટીંગ અને ચેતવણીના બોર્ડ લગાવવાની કામગીરી કરવાની ગીતીવીધી હાથ ધરાઈ રહી છે.

આ ઉપરાંત, જરૂરિયાત મુજબ આગામી સમયમાં મજબૂતી માટે નવા સ્ટ્રક્ચર બનાવવા તેમજ સતત ટેક્નિકલ મોનીટરીંગ સહિતની કામગીરીને પ્રાથમિકતા આપવામાં આવશે. ખાસ કરીને ચોમાસા દરમિયાન વાહનચાલકોને કોઈ જ મુશ્કેલી ના પડે તે હેતુથી વિવિધ પગલાઓ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા લેવામાં આવી રહ્યા હોવાની માહિતી અપાઈ છે.

---

## ભુજમાં રસ્તાઓની મરામત કામગીરી:

કચ્છમાં ભારે વરસાદને કારણે ભુજ શહેરના વિવિધ રોડ રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થયા છે. વરસાદી વિરામ બાદ માર્ગ અને મકાન વિભાગ રાજ્ય એ રસ્તાઓના સમારકામ માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી છે. મુખ્યમથક ભુજ શહેરમાં વિવિધ રસ્તાઓને રીપેરીંગ કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ભુજ શહેરના પ્રવેશદ્વાર સહિતના આજુબાજુના વિસ્તારોમાં આયોજનબદ્ધ રીતે તબક્કાવાર રોડ રીપેરીંગ અને પેચવર્કની કામગીરી કરવામાં આવી રહી છે. આજે સ્મૃતિવન મેમોરિયલથી માધાપર જતા રોડનું ડામરવર્ક કરીને સમારકામ કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રોડ ઉપરની ધૂળને દૂર કરવામાં આવી તેમજ ખાડાની સફાઈ કરીને તેમાં ડામરથી પેચવર્ક કરવામાં આવ્યું હતું.

---

## વિધા સહાયક-સ્થળ પસંદગી કેમ્પ:

વિધાસહાયક ભરતી અંતર્ગત આગામી ૧૭ મી જુલાઈએ ધો. 1થી 5 માટે સ્થળ પસંદગી કેમ્પ યોજાશે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા બહાર પાડવામાં આવેલા કાર્યક્રમ અનુસાર નિમ્ન પ્રાથમિક વિભાગમાં ઉમેદવારોની જિલ્લા પસંદગી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. હવે ઉમેદવારો માટે જે તે જિલ્લા કક્ષાએ આગામી 17 મીએ સ્થળ પસંદગી કેમ્પ યોજવામાં આવશે અને એજ દિવસે ઉમેદવારોને નિમણૂંક હુકમ અપાશે. શિક્ષણ નિયામક દ્વારા રાજ્યના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારીઓને આ માટે સૂચના આપવામાં આવી છે.

---

## બાલિકા પંચાયત :

રાપર તાલુકાના માણાબા ગામમાં બાલિકા પંચાયતે દીકરીઓના જન્મને વધાવવા માટે એક અનોખી પહેલ શરૂ કરી છે.

ગામમાં કોઈપણ પરિવારમાં દીકરીનો જન્મ થાય છે, ત્યારે બાલિકા પંચાયતના સરપંચ અનિષાબેન રાઉમાની આગેવાની હેઠળ બાલિકા પંચાયતની ટીમ રેલી સ્વરૂપે ગામની શેરીઓમાં ફરે છે. ટીમ સૂત્રોચ્ચાર સાથે ગ્રામજનોને દીકરીના જન્મની ખુશખબર આપે છે. નવજાત દીકરીના ઘરે જઈને તેમનું સ્વાગત કરવામાં આવે છે અને પરિવારને બેબી કિટ ભેટ આપવામાં આવે છે. બદલામાં, દીકરીનો પરિવાર પણ બાલિકા પંચાયતના સભ્યોનું સન્માન કરે છે. આ રીતે બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાનમાં બેટી વધાવોનું સૂત્ર ઉમેરવામાં આવ્યું છે.

ગ્રામજનો બાલિકા પંચાયતની આ પહેલને બિરદાવી રહ્યા છે અને તેમને શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

---

## સૈન્યમાં નિયુક્ત કમાન્ડોનું સ્વાગત:

ભારતીય લશ્કરના વિવિધ હોદ્દા પર કચ્છી યુવાનો ફરજ નિભાવી રહ્યા છે ત્યારે ૨૦૨૦ થી સૈન્યમાં સેવારત મુન્દ્રા તાલુકાના ગજોડ ગામના જયેંદ્રસિંહ જાડેજાને કઠીન તાલીમ બાદ પેરાશુટ કમાન્ડો તરીકે નિયુક્તિ મળતા ગામ દ્વારા અનોખું સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દેશપ્રેમના સુત્રોચ્ચાર અને લહેરાતા રાષ્ટ્રધ્વજ તિરંગાથી રાષ્ટ્રભાવનાનો એક અનોખો માહોલ ઉભો થયો હતો. બહોળી સંખ્યામાં ગામના આબાલ વૃદ્ધ, યુવાનો મહિલાઓ સૌ કોઈએ આ સૈન્ય જવાનનું અદકેરૂ સન્માન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, મુન્દ્રા તાલુકાના ઝરપરા ગામના પણ બે યુવાનો સૈન્યમાં કમાન્ડો તરીકે ફરજ બજાવી રહ્યા છે.

---

## માછીમારોને શૈક્ષણિક કિટનું વિતરણ:

અદાણી ફાઉન્ડેશન અને મુન્દ્રા પેટ્રોકેમ દ્વારા માછીમાર સમુદાયના વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરને અગ્રેસર કરવાના ઉદ્દેશ્ય સાથે નવીનાળ ખાતે શૈક્ષણિક કીટ વિતરણ અને માર્ગદર્શન સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નવીનાળ,ઝરપરા,ત્રગડી અને મોઢવા ગામના માછીમાર સમુદાયના 75થી વધુ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓએ ભાગ લીધો હતો.

---

## સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી:

HPCL ભચાઉ પમ્પિંગ સ્ટેશને 1 થી 15 જુલાઈ 2025 દરમિયાન રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા પખવાડીયા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયુ હતુ અને સ્થાનિક સમુદાયોમાં સ્વચ્છતા અને ટકાઉપણાના સંદેશને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

આ નિમિતે ભચાઉ તાલુકાના વોન્ધ અને કરમરીયા ગામમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા તેમજ ચિત્ર સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું.

---